











જૈનમ જયતિ શાસનમ્

નવસારીમાં 106 ભદ્રતપના તપસ્વીઓની ભવ્ય શોભાયાત્રા

વિન્ટેજ કાર અને શાહી ઘોડાગાડીઓ બન્યાં આકર્ષણનું કેન્દ્ર

નવસારી: તપ, ત્યાગ અને સંયમની જૈન ધર્મની પવિત્ર પરંપરાનો ભવ્ય નજારો નવસારીમાં જોવા મળ્યો હતો. શ્રી આદિનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા 106 ભદ્રતપના તપસ્વીઓની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થયેલી આ ધર્મયાત્રામાં જૈન સમાજના શ્રાવક-શ્રાવિકાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

શોભાયાત્રામાં તપસ્વીઓ વિન્ટેજ કાર અને પરંપરાગત ઘોડાગાડીઓમાં બિરાજમાન થતાં વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. ઢોલ-નગારાના ગુંજતા નાદ, ધાર્મિક જયઘોષ અને ભક્તિમય વાતાવરણ વચ્ચે આગળ વધેલી યાત્રાનું વિવિધ વિસ્તારોમાં ભાવિકોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. માર્ગોની બંને તરફ ઉપસ્થિત લોકોએ તપસ્વીઓના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. તપશ્ચર્યા દ્વારા આત્મશુદ્ધિ, સંયમ અને આધ્યાત્મિક ઉન્નતિનો સંદેશ આપતી આ શોભાયાત્રામાં શ્રદ્ધા અને ભક્તિનો અનોખો સંગમ જોવા મળ્યો હતો.

વિન્ટેજ કાર, ઘોડાગાડીઓ અને પરંપરાગત વાજિંત્રો સાથે નીકળેલી આ ધર્મયાત્રા નવસારીમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. સમગ્ર આયોજનથી જૈન સમાજમાં ધાર્મિક ઉત્સાહ અને આનંદનો માહોલ છવાયો હતો.

વાપીમાં 20 દિવસથી ગુમ યુવતીની લાશ મળી

સેન્ટર પોઇન્ટ બિલ્ડીંગના બેઝમેન્ટમાં ભરાયેલા પાણીમાંથી મૃતદેહ મળતા ચક્ચાર

વાપી : વાપીના સરસ્વતી નગરમાં રહેતા પરિવારની ૧૯ વર્ષીય યુવતીની સડી ગયેલી હાલતમાં લાશ મળી આવી હતી. સરસ્વતી નગરમાં રહેતા સત્યેન્દ્ર પ્રસાદ ભગતની પુત્રી મનીષા ભગત માનસિક રીતે અસ્થિર હતી. ગત તા. ૧૪ ઓક્ટોબરના રોજ તે ગુમ થઈ ગઈ હતી. પરિવારજનોએ તેની ખૂબ શોધખોળ કરી હતી પરંતુ કોઈ પત્તો ન લાગતા પિતાએ વાપી ટાઉન પોલીસ મથકે પુત્રી ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન, બુધવાર, ૪ નવેમ્બરના રોજ વાપી હાઈવે નજીક આવેલા સેન્ટર પોઈન્ટ બિલ્ડીંગના પાછળના ભાગે આવેલા બેઝમેન્ટમાં ભરાયેલા પાણીમાંથી એક યુવતીનો સડી ગયેલો મૃતદેહ મળી આવ્યો હતો.

બનાવની જાણ થતાં જ વાપી ટાઉન પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મૃતદેહને બહાર કાઢી તેની ઓળખ કરી હતી. પ્રાથમિક તપાસમાં આ મૃતદેહ ગુમ થયેલી મનીષાબેનનો હોવાનું સામે આવ્યું છે. યુવતીનું મોત કયા સંજોગોમાં અને કેવી રીતે થયું તેનું ચોક્કસ કારણ જાણવા પોલીસે મૃતદેહનો કબજો મેળવીને તેને પેનલ પોસ્ટમોર્ટમ (PM) માટે હોસ્પિટલ મોકલી આપ્યો છે. આ મામલે વાપી ટાઉન પોલીસે અકસ્માતે મોતના ગુના નોંધી આગળની સઘન તપાસ હાથ ધરી છે.

વઘઈમાં ખેરના લાકડા ભરેલી બોલેરો ઝડપાઈ



પાસ-પરમિટ વગર ગેરકાયદેસર વહન કરાતા ખેરના 17 નંગ લાકડા જપ્ત કરાયા

સાપુતારા : દક્ષિણ ડાંગ ડી.સી.એફ. નિરજકુમાર તથા મદદનીશ વન સંરક્ષક જૈનિલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ વઘઈ રેંજનાં આર.એફ.ઓ અમિત ચૌધરીની ટીમ દ્વારા વઘઈ વિસ્તારમાં સઘન રાત્રિ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતુ. આ કામગીરી દરમિયાન તારીખ 04/11/2026ના રોજ વહેલી સવારે આશરે 07:04 કલાકે વઘઈ રેંજના કાર્ય વિસ્તારમાં આવેલા લોઅર ચેકિંગ નાકા પરથી એક શંકાસ્પદ બોલેરો ગાડી (વાહન નંબર - GJ-15 CA 3432) પસાર થઈ હતી. વઘઈ રેંજ વન વિભાગની ટીમે ગાડીને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બોલેરોનો ચાલક વાહન પુરઝડપે હંકારીને ભાગી છૂટ્યો હતો. જેથી દક્ષિણ વન વિભાગના વઘઈ રેંજનાં કર્મચારીઓએ ત્વરિત તત્પરતા દર્શાવીને શંકાસ્પદ વાહનનો પીછો કર્યો હતો. પીછો કરતા જોઈ ચાલકે વાંસદાથી કણધા ગામ તરફ જતા રસ્તા ઉપર સાઈડમાં બોલેરો ગાડી ઉભી રાખી દીધી હતી અને અંધારા તથા આસપાસના વિસ્તારનો લાભ ઉઠાવીને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ વન વિભાગની ટીમે બિનવારસી હાલતમાં મળી આવેલી બોલેરો ગાડીની કાળજીપૂર્વક તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન ગાડીમાંથી કોઈપણ જાતની પાસ-પરમિટ વગરના ગેરકાયદેસર રીતે વહન કરાતા ખેરના 17 નંગ લાકડાં (ઘન મીટર 0.428) મળી આવ્યા હતા. વઘઈ વન વિભાગની ટીમે રૂપિયા 14,980ની કિંમતનો ખેરનો લાકડાનો જથ્થો તથા રૂપિયા 2,40,000ની અંદાજિત કિંમત ધરાવતી બોલેરો ગાડી મળીને કુલ રૂપિયા 2,54,980નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે ફરાર થઈ ગયેલા ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે તેમજ આગળની કાયદાકીય કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

ચીખલીથી કારની ચોરી કરી ગૌહરબાગની સોસાયટીમાં ચોરી કરી હતી

ચોરી પહેલાં વાહનની ચોરી, પછી રેકી અને બંધ મકાનોમાં હાથફેરો!



નવસારી LCBએ આંતરરાજ્ય ચીકલીગર ગેંગની ગુનાખોરીની કડી ઉકેલી

બીલીમોરા, નવસારી: ઘરફોડ ચોરીના ગુનામાં માત્ર ચોરાયેલા દાગીના કે રોકડની તપાસ પૂરતી હોતી નથી, પરંતુ ગુનેગારો ઘટનાસ્થળે કેવી રીતે પહોંચ્યા અને ચોરી બાદ કયા માર્ગે ફરાર થયા તેની કડીઓ જોડવી પણ એટલી જ મહત્ત્વપૂર્ણ હોય છે. બીલીમોરાના ગૌહરબાગમાં બંધ મકાનમાં થયેલી ચોરીની તપાસ દરમિયાન નવસારી લોકલ ક્રાઇમ બ્રાન્ચે ચીકલીગર ગેંગના બે શખ્સો સુધી પહોંચવામાં સફળતા મેળવી છે. આ ગેંગની ગુનાખોરીની પદ્ધતિમાં વાહનચોરી, અગાઉથી રેકી અને બંધ મકાનોને નિશાન બનાવવાની કડીબદ્ધ કાર્યપદ્ધતિ સામેલ હતી. ગત.16 ઓક્ટોબરની રાત્રે ગૌહરબાગની અલીપોરિયા સોસાયટીના શ્રીકૃષ્ણ નિવાસમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો છે. આરોપીઓએ ચીખલીથી કારની ચોરી કરી બીલીમોરામાં બંધ મકાનને નિશાન બનાવ્યું હતુ. ગુનાને ઉકેલવા સુરત રેન્જના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ તથા નવસારી જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ દ્વારા પ્લાન તૈયાર કરતા પોલીસે તપાસ આગળ ધપાવતા નવસારી LCB PI વી.જે. જાડેજાના માર્ગદર્શન હેઠળ એલસીબીના એએસઆઈ લલિતભાઈ અને હેડ કોન્સ્ટેબલ સંદીપભાઈ પીઠાભાઈને બાતમી મળી હતી કે બીલીમોરામાં ઘરફોડ ચોરી કરનાર ચીકલીગર ગેંગના બે શખ્સો સુરતના ડિંડોલી અને અલથાણ રહે છે અને ફોર્ડ ફિગો કારમાં ચોરી કરવા નીકળ્યા છે. એલસીબીએ ધકવાડા તરફ જતા માર્ગ પરથી ફોર્ડ ફિગો કાર સાથે બે આરોપી બોબીસિંગ ઉર્ફે બચ્ચનસિંગ તિલપીતીયા (રહે. ડિંડોલી, સુરત) અને જરનેલસિંગ ઉર્ફે જલ્લુસિંગ ટાંક (રહે. સુરત)ને ઝડપી પાડ્યા હતા. પોલીસ પૂછપરછમાં બંને આરોપીઓએ ચીખલીથી કારની ચોરી કરી ગૌહરબાગની અલીપોરિયા સોસાયટીના શ્રીકૃષ્ણ નિવાસના બંધ મકાનના દરવાજાનું તાળું તોડી ઘરફોડ ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. આ ગુનામાં અજયસિંગ ઉર્ફે મામુ ઉર્ફે બલવંતસિંગ દુધાણી (રહે. સુરત)ને વોન્ટેડ જાહેર કરાયો છે.

કબજે કરવામાં આવેલો મુદ્દામાલ

આરોપીઓ પાસેથી સોનાની લગડી, રોકડા રૂપિયા 700, મોબાઈલ અને ફ્રોર્ડ ફિગો કાર મળી કુલ રૂપિયા 6,15,985નો મુદ્દામાલ

આરોપીઓ સામે 14થી 17 ચોરીના ગુના

આરોપી બોબીસિંગ ઉર્ફે બચ્ચનસિંગ પિયાની સામે 14 ગુના ગુજરાત-મહારાષ્ટ્ર રાજ્યમાં નોંધાયેલા છે. આરોપી જર્નાલસિંગ ટાંક વિરોધ અમદાવાદ, વડોદરા, ગોધરા, સુરત, વ્યારા, દેવગઢ બારીયા, ભરૂચમાં 17 ઘરફોડ ચોરીના ગુના નોંધાયેલા છે.

મજીગામના મલ્લિકાર્જુન મહાદેવજીના મંદિરે કાળી ચૌદસનો મેળો ભરાશે

ધેજ : ચીખલી નજીકના મજીગામ સ્થિત અતિપ્રાચીન એવા મલ્લિકાર્જુન મહાદેવજીના મંદિરે વર્ષોની પરંપરા મુજબ શનિવારે કાળી ચૌદસનો મેળો ભરાશે. મજીગામ વિસ્તારમાં ભક્તોના આસ્થાનું કેન્દ્ર એવા પૌરાણિક શ્રી મલ્લિકાર્જુન મહાદેવજીના મંદિરે વર્ષોથી કાળી ચૌદસના દિવસે ભવ્ય મેળો ભરાતો હોય છે અને લોકો મોટી સંખ્યામાં ઉમટી પડી દેવાધિદેવ મહાદેવજીના દર્શન કરી મેળાની મજા માણતા હોય છે. મેળા ઘેરૈયા આકર્ષણનું કેન્દ્ર બનતા હોય છે. વર્ષોની પરંપરા મુજબ આ વખતે ૭/૧૧/૨૬ ના શનિવારના રોજ કાળી ચૌદસનો મેળો ભરાશે, મેળામાં આવનાર લોકો માટે ૧૧ થી ૨ વાગ્યા દરમ્યાન શિવ સદન હોલમાં મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યુ છે.

હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

રજિ. ઓફિસ: 34, કમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - 110057, ફોન: 011-49267000, ટોલ ફ્રી નંબર: 1800 212 8800, ઇમેઇલ: customer.care@herohfl.com, વેબસાઇટ: www.herohousingfinance.com | CIN: U65192DL2016PLC30148
સંપર્ક સરનામું: શોપ નં 3, બીજો માળ, પાર્શ્વનાથ શોપિંગ સેન્ટર, રેવન્યુ સર્વે નં 115/1, પૈકી પ્લોટ નં -1, નવસારી, ગુજરાત. પિન - 396445.

કબજાની નોટિસ (સ્થાવર મિલકત માટે)

(સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એનફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8(1) સાથે વંચાણમાં લેવાયેલ પરિશિષ્ટ-IV મુજબ)
આથી નીચે સહી કરનાર હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી છે, જેઓ 'સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002' હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વંચાણમાં લેવાયેલ કલમ 13(12) દ્વારા પ્રદાન કરવામાં આવેલી સત્તાઓની રૂએ, ઉલ્લેખિત નોટિસ જારી કરી છે અને ઉપરોક્ત નોટિસની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં ઉલ્લેખિત રકમ ચૂકવવા માટે ધિરાણકર્તાઓને બોલાવ્યા છે.
ધિરાણકર્તા રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી ધિરાણકર્તાને, ખાસ કરીને અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનારે ઉક્ત કલમની પેટા-કલમ 13(4) અને સદર નિયમોના નિયમ 8 સાથે વંચાણમાં લેવાયેલ સત્તાઓના પ્રયોગમાં નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધેલ છે.
ખાસ કરીને ધિરાણકર્તા અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ મિલકત સાથે વ્યવહાર ન કરવો અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના શુલ્ક/બોજ હેઠળ રહેશે, જેમાં નીચે દર્શાવેલ રકમ તેમજ તે પર લાગુ વ્યાજ, દંડ વ્યાજ, ખર્ચ, શુલ્ક વગેરેનો સમાવેશ થાય છે.
સુરક્ષિત મિલકતોને છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં, કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ ધિરાણકર્તાનું ધ્યાન દોરવામાં આવે છે.

લોન એકાઉન્ટ નં.	જામીનદાર/કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ)નું નામ	ડિમાન્ડ નોટિસની તારીખ/ ડિમાન્ડ નોટિસ મુજબની રકમ	કબજાની તારીખ (સ્થાનાત્મક/ ભૌતિક)
HHFNVSHOU24000052229	મોહમ્મદ ઇકરામ ભીખુમિયા શેખ, મજેદા મોહમ્મદઇકરામ શેખ	17-Aug-2026, રૂ. 618170/- 14-Aug-2026 ના રોજ બાકી મુજબ	03.11.2026 (સાંકેતિક)

સુરક્ષિત અસ્કયામતો/સ્થાવર મિલકતોનું વર્ણન: ફ્લેટ નં. 001, હાઉસ નં. 2086/G-1 (હાઉસ નં. 59 અને ટેનામેન્ટ નંબર 101286/0) ધરાવતી તમામ રેસિડેન્શિયલ પ્રોપર્ટી, જેનું ક્ષેત્રફળ 250 ચોરસ ફૂટ એટલે કે 23.24 ચોરસ મીટર છે, તથા "કામેશ્વર અપાર્ટમેન્ટ" ની જમીનમાં 18.53 ચોરસ મીટરનો અવિભાજ્ય હિસ્સો છે, જે ગુજરાત રાજ્યના નવસારી જિલ્લાના નવસારી તાલુકાના મોજે નવસારી, વોર્ડ નં. 1/1 (વર્ડ નં. 12) ના સિટી સર્વે નં. 3990 ના 181.85.82 ચોરસ મીટર ક્ષેત્રફળ ધરાવતા સિટી સર્વે ટીકા નં. 81 હેઠળ આવેલું છે. ટાઇટલ દસ્તાવેજમાં લખેલી સામાન્ય સુવિધાઓ સાથે. પ્રોપર્ટીની હદ: ઉત્તર: ખુલ્લી જગ્યા, દક્ષિણ: સીડી અને ખુલ્લી જગ્યા, પૂર્વ: કોમન પેસેજ અને ફ્લેટ નં. 002, પશ્ચિમ: ખુલ્લી જગ્યા અને અપાર્ટમેન્ટ.

તારીખ: 05-11-2026 સ્થળ: નવસારી — સહી/- અધિકૃત અધિકારી, હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

હિરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ: 34, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી-110057.
શાખા ઓફિસ: શોપ નં. 3, બીજો માળ, પાર્શ્વનાથ શોપિંગ સેન્ટર, રેવન્યુ સર્વે નં. 115/1, પૈકી પ્લોટ નં. -1, નવસારી, ગુજરાત. પિન - 396445.

જાહેર નોટિસ (સ્થાવર મિલકત વેચાણ માટે ઈ-હરાજી)

[સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 9(1) હેઠળ]
હિરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (સિક્યોર્ડ કેડિટર) પાસે ગીરો મૂકેલી સ્થાવર મિલકતના વેચાણ માટે સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ નોટિસ.
આથી સામાન્ય જનતાને અને વિશેષ કરીને લેણદાર(ઓ) અને જામીનદાર(ઓ) અથવા તેમના કાનૂની વારસદારો/પ્રતિનિધિઓને નોટિસ આપવામાં આવે છે કે સિક્યોર્ડ કેડિટર પાસે ગીરો/ચાર્જ કરેલી નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો, જેનો પ્રત્યક્ષ કબજો હિરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (સિક્યોર્ડ કેડિટર)ના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ 25-11-2026 (ઈ-હરાજી તારીખ)ના રોજ નીચે દર્શાવેલ દેવાદારો, સહ-દેવાદારો અથવા જામીનદારો પાસેથી બાકી લેણાંની વસૂલાત માટે "જેમ છે જ્યાં છે", "જેમ છે જે સ્થિતિમાં છે" અને "જે કાંઈ છે તે ધોરણે"ના આધારે કરવામાં આવશે. રિઝર્વ પ્રાઇસ અને અનામત રકમ (EMD) નીચે મુજબ દર્શાવેલ છે. જાહેર ઈ-હરાજીમાં ભાગ લેવા માટે EMD ડિમાન્ડ ડ્રાફ્ટ/RTGS/NEFT દ્વારા બિડ ફોર્મ સાથે સબમિટ કરવાની રહેશે, જે અધિકૃત અધિકારી, હિરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડને 24-11-2026ના રોજ સાંજે 5 વાગ્યા સુધીમાં શાખા ઓફિસ: શોપ નં. 3, બીજો માળ, પાર્શ્વનાથ શોપિંગ સેન્ટર, રેવન્યુ સર્વે નં. 115/1, પૈકી પ્લોટ નં. -1, નવસારી, ગુજરાત. પિન-396445 ખાતે જમા કરાવવાની રહેશે.

લોન ખાતા નં.	બોરોઅર(ઓ)/કો-બોરોઅર(ઓ)/ ગેરેંટર(ઓ)/લીગલ હેર(ઓ)/ લીગલ રેપ. નું નામ	ડિમાન્ડ નોટિસની તારીખ અને તે તારીખે બાકી રકમ	કબજાનો પ્રકાર (સાંકેતિક/ પ્રત્યક્ષ)	રિઝર્વ પ્રાઇસ / અનામત રકમ
HHFNVSHOU22000030654 // HHFNVSIPL2200030657	મહેબુબ ઇશભઇ ખતીક, મહેમૂદભાઇ ઇશભઇ ખતીક, રુકસાર મહેબુબભઇ ખતીક	09-01-2026, રૂ.26,88,102/- 03-11-2026 ના રોજ	પ્રત્યક્ષ	રૂ.19,80,000/- / રૂ.1,98,000/-

મિલકતનું વર્ણન: પ્લોટ નં. 13 ધરાવતી તમામ જમીન અને તેના ભાગો, પંચાયત રેકોર્ડ મુજબ ઘર નં. 2679/O & 2680/O જેનું ક્ષેત્રફળ 65.00 ચો.મીટર એટલે કે 700.00 ચો.ફૂટ, ગ્રાઉન્ડ ફ્લોર 55.76 ચો.મીટર અને ફર્સ્ટ ફ્લોર 51.93 ચો.મીટર કુલ 107.69 ચો.મીટર, રેવન્યુ સર્વે નં. 163/5 પૈકી, નવો સર્વે/બ્લોક નં. 7249, પ્લોટ નં. 13 મોજે વિજલપોર ગામ, તાલુકો: જલાલપોર, સબ ડિસ્ટ્રિક્ટ અને ડિસ્ટ્રિક્ટ: નવસારી, ગુજરાત રાજ્યમાં આવેલ મિલકતમાં અવિભક્ત હિસ્સા સાથે. ટાઇટલ ડોક્યુમેન્ટમાં લખાયેલ સામાન્ય સુવિધાઓ સાથે. મિલકતની સીમાઓ: પૂર્વ: જમીન, પશ્ચિમ: 10.00 ફૂટ રોડ, ઉત્તર: પ્લોટ નં. 14, દક્ષિણ: પ્લોટ નં. 16.

HHFNVSHOU24000051957 // HHFNVSIPL24000051960	તબસુમ સિદ્દીક સૈયદ, સિદ્દીક રાશિદ સૈયદ	12-03-2026, રૂ.21,73,693/- 03-11-2026 ના રોજ	પ્રત્યક્ષ	રૂ.16,00,000/- / રૂ.1,60,000/-

મિલકતનું વર્ણન: ચોથા માળે આવેલ રેસિડેન્શિયલ પ્રોપર્ટી ફ્લેટ નં. 403નું તમામ ક્ષેત્રફળ 940 ચો.ફૂટ એટલે કે 87.36 ચો.મીટર, સાથે 14.38 ચો.મીટર અવિભક્ત હિસ્સો "રોયલ પેલેસ-બી"ની જમીનમાં આવેલ, સિટી સર્વે નં. 51, 50, 54 કુલ ક્ષેત્રફળ 343.64.92 ચો.મીટર પૈકી 215.72.14 ચો.મીટર, વોર્ડ નં. 4, ટીકા નં. 10/2, હાઉસ નં. 1545/403, પીટી વોર્ડ નં. 4, ટેનામેન્ટ નં. 1004789/0 જૂનો ટેનામેન્ટ નં. 7809/0, મોજે નવસારી, તા: નવસારી, જી: નવસારી, ગુજરાત રાજ્યમાં આવેલ. ટાઇટલ ડોક્યુમેન્ટમાં લખાયેલ સામાન્ય સુવિધાઓ સાથે. મિલકતની સીમાઓ: ઉત્તર: કોમન પેસેજ, દક્ષિણ: રોડ, પૂર્વ: ફ્લેટ નં. 402, પશ્ચિમ: દશામાતા મંદિર.

ઈ-હરાજીના નિયમો અને શરતો: ઈ-હરાજી પોર્ટલ પર તારીખ 25-11-2026 ના રોજ સવારે સાથે યોજાશે. ઇચ્છુક ખરીદારો / બોલી લગાવનારાઓએ EMDની રકમ RTGS / NEFT અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) દ્વારા "HERO HOUSING FINANCE LTD."ના પક્ષમાં જમા કરાવવાની રહેશે. હરાજી પૂર્ણ થયા બાદ અસફળ બોલી લગાવનારાઓને EMD રકમ પરત કરવામાં આવશે.
ઈ-હરાજીના નિયમો અને શરતો: 1. ઈ-હરાજી "જે સ્થળે છે જ્યાં છે તેના આધારે", "જેમ છે તેમ ધોરણે", "જે કંઈ પણ છે તે ધોરણે" અને "કોઈપણ રિકોર્સ વિના" ઓનલાઈન યોજાશે.
2. બોલી વધારાની રકમ: 25 લાખ સુધીની રિઝર્વ પ્રાઇસ માટે: રૂ. 15,000 (પંદર હજાર ફક્ત) 25 લાખથી 50 લાખ સુધીની રિઝર્વ પ્રાઇસ માટે: રૂ. 25,000 (પચ્ચીસ હજાર ફક્ત) 50 લાખથી 1 કરોડ સુધીની રિઝર્વ પ્રાઇસ માટે: રૂ. 50,000 (પચાસ હજાર ફક્ત) 1 કરોડથી વધુની રિઝર્વ પ્રાઇસ માટે: રૂ. 1,000,000 (1 લાખ ફક્ત)
3. ઈ-હરાજી M/s. C-1 India Pvt Ltd દ્વારા તેમના પ્રતિનિધિ Mr. ધરણી ક્રિષ્ના - 9948182222 (હેલ્પલાઇન નં.) સપોર્ટ લેન્ડલાઇન નં.: +91 124 4302020 / 2021 / 2022 / 2023 / 2024 | સપોર્ટ મોબાઈલ નં.: +91 7291981124 / 25 / 26 અને ઈ-મેલ: support@bankeauctions.com / andhra@c1india.com) મારફતે તેમની વેબ પોર્ટલ લિંક https://bankeauctions.com પર જોજાશે. 4. સુરક્ષિત લેણદારોની જાણકારી મુજબ મિલકત પર કોઈ બોજો નથી. તેમ છતાં, ઈચ્છુક બોલી લગાવનારાઓએ પોતાની બોલી સબમિટ કરતા પહેલા હરાજી માટે મૂકેલી મિલકતના બોજા, ટાઇટલ, હરાજી અને દાવા/હક/લેણાં અંગે પોતાની સ્વતંત્ર તપાસ કરી લેવી જોઇએ. આ સંદર્ભમાં, ઈ-હરાજી જાહેરાત કોઈ પ્રતિબદ્ધતા દર્શાવતી નથી અને હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડનું પ્રતિનિધિત્વ ગણાશે નહીં. 5. અધિકૃત અધિકારી / સિક્યોર્ડ કેડિટર કોઈપણ ત્રીજા પક્ષના દાવા / હક / લેણાં માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં. આ વેચાણ સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ નિર્ધારિત નિયમો / શરતોને આધીન રહેશે. ઈ-હરાજીની અન્ય શરતો અને નિયમો વેબસાઇટ www.herohousingfinance.com પર પ્રકાશિત કરવામાં આવ્યા છે. 6. મિલકતની વિગતો અને મુલાકાત માટે શેખર સિંહ / 9711522275 / shekhar.singh@herohfl.com / જિગ્નેશ સવજીભાઈ સોલંકી / 7984178663 / jignesh.solanki@herohfl.comનો સંપર્ક કરવો. 7. સંભવિત બોલી લગાવનારા પૂર્વ એપોઇન્ટમેન્ટ લઈને તારીખ 18-11-2026ના રોજ સવારે 11.00 થી બપોરે 2.00 વાગ્યાની વચ્ચે મિલકતની મુલાકાત લઈ શકે છે.

દેવાદાર / જામીનદાર / ગીરવેદાર માટે 15 દિવસની વેચાણ નોટિસ

ઉપરોક્ત દર્શાવેલ દેવાદાર / જામીનદાર / ગીરવેદારને આથી નોટિસ આપવામાં આવે છે કે, તેઓ સેક્શન 13(2) હેઠળની ડિમાન્ડ નોટિસમાં જણાવ્યા મુજબની રકમ, વ્યાજ અને ખર્ચ સાથે હરાજીની તારીખ પહેલા ચૂકવી દે. જો તેમ કરવામાં નિષ્ફળ જશો તો મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકી લેણી રકમ (જો કોઈ હોય તો) તમારી પાસેથી વ્યાજ અને ખર્ચ સાથે વસૂલવામાં આવશે.
વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને સિક્યોર્ડ કેડિટરની વેબસાઇટ i.e., www.herohousingfinance.com પર હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડની લિંક https://uat.herohomefinance.in/hero_housing/other-notice નો સંદર્ભ લો.

સ્થળ: નવસારી, — અધિકૃત અધિકારી: હિરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ
તારીખ: 05/11/2026. — જિગ્નેશ સવજીભાઈ સોલંકી / 7984178663 / jignesh.solanki@herohfl.com

